# ધરમપુર રાજ્યમાં સંગિત-શિક્ષણનો વિકાસ

પટેલ બિપિનભાઈ બાબુભાઈ
આચાર્યશ્રી, મોડેલ સ્કૂલ માલનપાડા

ભારત દેશની આઝાદી પહેલાના  ધરમપુરના રજવાડાએ અનેક પ્રતિભાવાન રાજવી અને કલારત્નોની ભેટ ગુજરાતને આપી છે. ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિની ઝાંખી કરાવતું આજનું ધરમપુર પહેલા રામનગર તરીકે ઓળખાતું હતું.  સને ૧૭૫૮ માં સુર્યવંશી-સિસોદીયા કુળના ૧૫ મી પેઢીના રાજવી ધરમદેવજીએ ધરમપુર નગરની સ્થાપના કરી પોતાના નામ પરથી ધરમપુર રાખ્યું. ધરમપુર રજવાડાએ સૈન્ય શકિત તેમજ શિક્ષણ, સાહિત્ય અને કલા જેવા અનેક ક્ષેત્રે પ્રગતિ કરી હતી જેમાં અનેક બહુમુખી પ્રતિભા ધરાવતા  સૂર્યવંશી રાજવીઓનું મોટુ યોગદાન રહ્યું હતું.  જેમાં મહારાણા નારણદેવજી, મહારાણા મોહનદેવજી, મહારાણા વિજયદેવજી, કુમાર પ્રભાતદેવજી જેવા રાજવીઓની યાદ પ્રજા કરતી રહે છે. આજે આપણે ધરમપુર રાજ્યમાં સંગિતક્ષેત્રે પ્રદાન આપનાર રાજવીઓ અને હાલના સંગિતકારો વિશે ટૂકમાં માહિતી જાણીશું.

### ૧. કુમાર પ્રભાત દેવજીઃ વિશ્વ વિણા વાદક

કુમાર પ્રભાતદેવજીને ધરમપુરની પ્રજા કદી ભુલી શકે એમ નથી, સંગિતની દુનિયામાં મશહુર એવા પ્રભાત દેવજીનો જન્મ ૬-૧૧-૧૮૮૨ના રોજ થયો હતો. પ્રભાત દેવજી શિષ્યોનો સમૂહ મોટો છે, વિજયદેવજી મહારાજના કાકા હોવાને નાતે એમને ધરમપુરમાં બધાં કાકા સાહેબ તરીકે ઓળખતા. હિંદુસ્તાની સંગિતને પ્રકાશમાં આણી આધુનિક સમાજના વિશાળ સમૂહને ઉપલબ્ધ કરાવવામાં કાકા ભત્રિજાનો મહામુલો ફાળો હતો. સાહિત્ય વિદ્વતા તથા સંગિતની સાથે સાથે પ્રગતિના પંથે ચડવું જોઇએ એવું માનતા કુમાર પ્રભાત દેવજીએ અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી, વિશ્વ વિણાવાદક તરીકેનું ગૌરવભર્યુ સ્થાન મેળવ્યું હતું. તેમણે સંગિત વિષય ઉપર ‘સંગિતપ્રકાશ’ નામનો ગ્રંથ પણ લખ્યો હતો પ્રભાતદેવજી વિશે એમના પૌત્ર ગૌરવદેવ મહિપાલદેવજીએ જણાવ્યુ હતુ કે પ્રભાતદેવજી   જયારે રિયાઝ માટે વિણા વગાડતા ત્યારે એક બુલ બુલ નિયમિત આવીને સંગિત સાંભળતું. પ્રભાતદેવજી સાહેબ તિસ્કરી પાસે આવેલા સોમેશ્વર મહાદેવના મંદિરમાં રીયાઝ કરતા ત્યારે એક નાગદેવતા ત્યાં આવતા અને સંગિતનું રસપાન કરતા. તેઓનું ૨૫-૦૧-૧૯૪૩ના દિને અવશાન થયુ હતું. પૌત્ર ગૌરવદેવે પ્રભાતદેવજી જે સરસ્વતિ વિણા વગાડતા તે ખુબ  જતનથી, મહામુલી સંપતીની જેમ સાચવી રાખી છે.ગૌરવદેવ  પણ અચ્છા વિણાવાદક છે.

### ૨. સંગિત સમ્રાટ મહારાણા વિજયદેવજી

૧૯ ડિસેમ્બર, ૧૯૮૪માં જન્મેલ વિજયદેવજી મહારાજા મોહનદેવજીના સૌથી મોટા પુત્ર હતા. મહારાણા વિજયદેવજી  ધરમપુર રજવાડાના સંગિતપ્રેમી મહારાજા હતા.  તેમની ખ્યાતિ માત્ર રાજ્ય પૂરતી સીમિત નહોતી પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેઓ નામના ધરાવતા હતા. તેમની સંગિતજ્ઞ તરીકેની પ્રતિભાનો ખ્યાલ સંગિત વિષય ઉપર લખેલા તેમના પુસ્તક ‘સંગિતભાવ’ માંથી મળે છે. મહારાજા વિજયદેવજી

સંગિતશિક્ષણને ખુબ મહત્ત્વ આપતા હતા. શ્રીમાન મહારાજા સાહેબે શાસ્ત્રીય સંગિતમાં, ગાયન અને વાદનમાં અને પુરાણા લોકસંગિતમાં, સંગિતના સંશોધકો અને જાણકારો માટે વિશાળ, જુદા જુદા પ્રાતમાં અખૂટ ક્ષેત્ર ખુલ્લું છે એમ સુચવ્યું હતું. મહારાજા સાહેબે સંગિતની શિક્ષણ પદ્ધતિ માટે જે કહ્યુ કે, સંગિતની શરૂઆત નાના બાળકથી થવી જોઈએ. ઘરમાં અને શાળામાં પ્રચલિત પાઠયપુસ્તકોમાં કવિતાના રાગનું માત્ર નામ આપવામાં આવે છે તે સાથે તે રાગોની સાદી ‘સરગમ’ પણ પ્રગટ થઇ શકે તો વિદ્યાર્થીને સંગિતમાં વ્યવહારું સહાય મળે. શાળામાં સંઘગાયન (ChoralSinging) પર ખાસ લક્ષ દોર્યું હતું.

શ્રી વિજયદેવજી મહારાજા સાહેબે ધરમપુરના સંગ્રહસ્થાનમાં સંગિતના વાદ્યોબહુ જ સંભાળથી એકઠાં કરી ગોઠવ્યાં હતા. દેશ-દેશના વાજિંત્રો જોવાની અને તેનો અભ્યાસ કરવાની સંગિત નિષ્ણાંતો માટે આ સગવડ સામાન્ય નથી જ. સંગ્રહસ્થાનમાં પુરાણા ‘રાગ-રાગીણી’ ના ચિત્રો પણ ગોઠવવામાં આવ્યા છે. જેના લાભ સંગિતના ચાહકો અને સંગિતનો ઉડાંણથી અભ્યાસ કરવા ઈચ્છતા સંશોધકોએ લેવો જ રહ્યો.

### ૩. સંગિત આચાર્ય દોસ્તમોહંમદ ખાન સાહેબ

ધરમપુર સ્ટેટમાં એક સંગિત આચાર્ય થઇ ગયા. નામ દોસ્તમોહમ્મદ ખાનસાહેબ. જન્મ તા. ૧૨/૧૨/૧૯૧૨ નાનપણથી જ સુરીલું ગળું, ગાવાનો શોખ. સ્ટેટમાં પણ થતા ફંકશનમાં તેઓ ગાતા. આથી મહારાજા સાહેબની દ્રષ્ટિ એમના પર પડી. અને અભ્યાકાળ દરમિયાન સંગિતની પ્રાથમિક તાલીમ આપવાની શરૂઆત થઇ. મુસ્લિમ કોમમાં કુદરતી રીતે જ ગાયન-વાદન કલા હસ્તગત હોય છે. ધરમપુરના મહારાજા કાકાશ્રી કુમાર પ્રભાતદેવજી કે જેઓ વિશ્વવિણા કલાકાર તરીકે પ્રસિદ્ધ હતા. તેમની પાસે સંગિતની તાલીમ માટે તેમને મુકવામા આવ્યા બાદ અવારનવાર બહારના થતા કાર્યક્રમોમાં પણ તેમણે ગાવાની શરૂઆત કરી. શાસ્ત્રીય સંગિત ઉપરાંત મીરા, કબીર, તુલસી વિગેરે મહાન સંતોના ભજનો ગાવાની પણ શરૂઆત કરી. સુરીલા અવાજના કારણે તેઓ ગુજરાત અને ગુજરાત બહાર પણ ખ્યાતનામ સંગિતકાર તરીકે ઓળખાયા. તેઓએ આકાશવાણી મુબંઇ, અમદાવાદ, વડોદરા અને દિલ્હીમાં પ્રથમ હરોળનાં કલાકાર તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. પોતે મુસ્લિમ હોવા છતાં સંસ્કૃત પર સારુ એવું પ્રભુત્વ હતું. દક્ષિણ ગુજરાતની અનેક આદિવાસી સંસ્થાઓમાં સંગિતાચાર્ય તરીકે સેવા આપી છે. ૠતંભરા અને વલ્લભ આશ્રમ જેવી નાંમાકિત સંસ્થાઓમાં સેવા આપી છે. સ્વ. દોસ્તમોહમ્મદ ખાનસાહેબે ઘણાં મોટા સંતોને ભજનો સંભળાવ્યા. સને ૧૯૪૪ માં શ્રીરંગ અવધૂતજી મહારાજ (બાપજી) ધરમપુર આવેલા ત્યારે સ્વ. નારણકાકાની વાડી એટલે અવધૂત વાડીમાં તેમનો મુકામ રાખવામા આવેલ. તેમના રોકાણ દરમ્યાન ખાનસાહેબ રોજ બાપજીને ભજન- સંગિત સંભળાવતા હતા.

### ૪. રમેશભાઇ મગજીભાઇ પટેલ (સમડીચોક, ધરમપુર)

ધરમપુરના સંગિત સમ્રાટ પ્રભાત દેવજીના શાસ્ત્રીય સંગિતનો વારસો ધરમપુરમાં જાળવી રાખવાનું શ્રેય ધરમપુર નગરીયા (પટેલ ફળિયુ)ના નિવાસી રમેશભાઇ **પટેલના** ફાળે જાય છે. તેઓએ સ્વ. દોસ્તમોહંમદ ખાનસોહેબ પાસેથી શાસ્ત્રીય સંગિતની તાલીમ લીધી હતી. આજે તેમના હાથ નીચે આશરે ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ સંગિતની તાલીમ લઈ રહ્યા છે. તેમના હાથ નીચે વસાણી શિલ્પાબેન અને ભાવનાબેને

સંગિતવિશારદની પદવી મેળવી છે. રમેશભાઈના પુત્ર વિજયભાઈ તબલાવાદનના ક્ષેત્રે અને દિકરી સાવિત્રીબેન પટેલ ગાયિકીના ક્ષેત્રે શાસ્ત્રીય સંગિતનો વારશો આગળ વધારી રહ્યા છે. વલસાડ નજીકના ફણસવાડા ગામના રહેવાસી રીપલબેન ખંડુભાઈ પટેલે રમેશભાઈ પાસેથી શાસ્ત્રીય સંગિતની તાલીમ મેળવી નાની ઉંમરમાં શાસ્ત્રીય સંગિતમાં ખુબ નામના મેળવી છે. રીપલબેન ઓલ ઈંડિયા રેડિયો સ્ટેશન બરોડા અને એફ.એમ રેડિયો સ્ટેશન નાની દમણ ઉપર શાસ્ત્રીય ગાયિકીના ઘણા કાર્યક્રમો પ્રસારીત કરી દક્ષિણ ગુજરાતમાં શાસ્ત્રીય સંગિતનાક્ષેત્રે ખ્યાતિ મેળવી રહ્યા છે.

**૫.ઉપસંહાર**

આમ ધરમપુર રજવાડું શાસ્ત્રીય સંગિતનું ધામ ગણાતું જેમણે કુમાર પ્રભાતદેવજી, મહારાજા વિજયદેવજી જેવા સંગિત પ્રેમી રાજવીઓને જન્મ આપ્યો હતો. પરંતુ એ સમયની શાસ્ત્રીય સંગિતની ભવ્યતા ધીમે ધીમે મૃતપ્રાય થતી ગઈ અને આજે શાસ્ત્રીય સંગિતના તેજ લીસોટા જ રહી જવા પામ્યા હોય એમ લાગે છે. જો સમાજ કે સરકાર વિદ્યાર્થીઓમાં સંગિતકળા વિકસાવવા માટે રસ દાખવે તો ધરમપુર આજે પણ સંગિતક્ષેત્રે વિકસી શકે એવો આશાવાદ રમેશભાઇ જેવા અનેક સંગિત રશીકોએ વ્યકત કર્યો હતો.